# વસ્તી વધારાની પર્યાવરણ ઉપર અસરો અંગેનો રાજયકક્ષાનો વેબીનાર યોજાયો

ચિલોડા, તા. ૧૫

વિશ્વ વસ્તી સપ્તાહ ઉજવણીના ત્રીજા દિવસે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મ.દે. ગ્રામ સેવા સંકુલના રાષ્ટ્રીય સેવા યોજના એકમ - સાદરના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટના આયોજન દ્વારા વસ્તી વધારાની પર્યાવરણ ઉપર અસરો અંગેનો રાજયકક્ષાનો વેબીનાર યોજાયો.

ઓનલાઈન વેબીનારમાં ૬૫ અધ્યાપકો અને કૉલેજ કક્ષાના વિદ્યારઅથીઓ જોડાયા હતા.

સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ એ કાર્યક્રમની રુપરેખા આપી. વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી અને નિવૃત્ત ડેપ્યુટી વનસંરક્ષક અધિકારી ડૉ. હેમંતભાઈ સુથારએ વસ્તી વધારાની પર્યાવરણ ઉપર થયેલી અસરો અને ઈ.સ. ૨૦૫૦માં થવાની અસરો વિશે વાર્તાલાપ આપી શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ડૉ. મિલન ભટ્ટ, ડૉ. પ્રવિણ દુલેશ, અને વિશાળ માંગરોલિયાની જહેમતથી રાજયકક્ષાનો વેબીનાર સફળ થયો હતો.




## એસ કે પટેલ સ્કૂલમાં એક્ટિવિટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ કે જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'ઓરેગામી એક્ટિવીટી'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ ઓરેગામી પેપરમાંથી 'કેટ, પ્લેન, ફિશ, બોટ, પર્સ, પેપરે બેગ અને હાઉસ' બનાવ્યા હતા. જેમાં વાલીઓએ પણ તેમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા વાલીઓનો પણ ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. સ્કૂલમાં અવારનવાર ઓનલાઈન કલાસમાં શિક્ષણની સાથે આવી



એક્ટિવીટી પણ કરવામાં આવે છે. જેમાં બાળકો તથા વાલીઓનો ખૂબ સહકાર મળ્યો હતો.

## અખિલ ભારતીય હિન્દી કવિ સંમેલનમાં શિક્ષકનું સન્માન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થા દ્વારા 'વિશ્વ જન સંખ્યા દિવસ' પર ૧૧મી જૂન ૨૦૨૦ના રોજ અખિલ ભારતીય હિન્દી કવિ સંમેલનનું ઓનલાઈન આયોજન સંસ્થાના અધ્યક્ષ ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશ ગજ્જરએ પણ 'વિશ્વ જન સંખ્યા' વિષય પર પોતાની કવિતા રજૂ કરતા ઉમદા રાષ્ટ્ર ભાવના દર્શાવતા સંસ્થા દ્વારા 'ગાંધીનગર સાહિત્ય સન્માન-૨૦૨૦' સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કવિ સંમેલનનું ઉદ્ઘાટન મુકેશભાઈદ્વારા કરવામાં આવ્યું હતું. તથા કવિઓનું ઓનલાઈન સન્માનપત્ર વિતરણ નાથદ્વારા સાહિત્ય મંડળના અધ્યક્ષ શ્યામ દેવપુરાજીના હસ્તે કરવામાં આવ્યું હતું.



### કોરોના સંક્રમણને અટકાવવા

## ચિલોડા એસ.ટી. પોઈન્ટે ચાની કીટલી ચલાવતા વેપારીએ હાથવગુ હેન્ડવોશની સુવિધા કરી

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના મુખ્ય મથક ગણાતું એકમાત્ર ચિલોડા જંકશન મથકે અસંખ્ય વાહનચાલકો તથા મુસાફરોની અવરજવર સતત રહેતી હોય છે.

ચિલોડા સર્કલની નજીક દહેગામ તથા એપ્રોચ રોડ પર અસંખ્ય લારી-ગલ્લા દુકાનોની હારમાળા હોવાથી લોકો ખરીદી માટેનો ઘસારો જોવા મળે છે. ત્યારે કોરોના વાઈરસ - કોમ્યુનિટી ટ્રાન્સમિશનને જરૂરી અટકાવવા માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું અતિ આવશ્યક બન્યુ છે. આ સાથે જિલ્લામાં અમુક સ્થળે વહીવટીતંત્ર દ્વારા હેન્ડવોશ મશીન સ્ટેશનોએ મુકવાની તજવીજ હાથ ધરાઈ છે.

ત્યારે ચિલોડા જંકશન મથકે બસ સ્ટેશનની નજીક ચાની હાટડી ચલાવતાં જાગૃત નાગરિક એવા ભગાજી દોલાજી ઠાકોરના મનમાં લોકોની અવરજવર જોતાં કોરોના વાયરસ સંક્રમણ ન થાય તેવા ઉમદા હેતુસર નવતર પ્રયોગરુપે હેન્ડ વોશ પોઈન્ટ બનાવવાના પ્રયાસરુપે જાતે પ્લાસ્ટીક કેબલોનો ઉપયોગ કરી તેને તેમાં પાણી ભરી - નીચે પાણીની ચકલી મૂકી, તેમજ બાજુમાં પ્લાસ્ટિકની બોટલમાં હાથ ધોવા માટે સાબુનું દ્રાવણ ભરી હાથવગું બનાવટી હેન્ડવોશની સુવિધા કરી સેવા કરવાનો લ્હાવો લીધો હતો.

આ પ્રમાણે વહીવટીતંત્ર દ્વારા ચિલોડા સર્કલે હેન્ડવોશ સ્ટેશનની સુવિધા ઊભી કરે તેવી સમયની માંગ છે.




## ગિફ્ટ સિટીમાં એચએસબીસી આઈએફએસસી બેકિંગ યુનિટની સ્થાપના કરશે

ગાંધીનગર, તા. ૧૫

વિશ્વના મોટા ફાઈનાન્સિયલ સર્વિસિસ ઓર્ગેનાઈઝેશન્સ પૈકીના એક હોંગકોંગ એન્ડ શાંઘાઈ બેંક્િગ કોર્પોરેશન લિમિટેડ (એચએસબીસી)ને ગિફ્ટ સિટીમાં આઈએફએસસી બેંક્િગ યુનિટ (આઈબીયુ)ની સ્થાપના કરવા માટે ગિફ્ટ એસઈઝેડ ઓથોરિટી પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મળી છે, જે અન્ય નિયામકીય મંજૂરીઓને આધિન રહેશે. એચએસબીસી દ્વારા પ્રસ્તાવિત આઈબીયુનો પ્રારંભ ભારતમાં આઈએફએસસી બિઝનેસમાં મહત્વપૂર્ણ અધ્યાય છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે ગિફ્ટની ક્ષમતાને સાબિત કરે છે, જે વિશ્વના અન્ય સ્થાપિત ફાઈનાન્સિયલ સેન્ટર્સના સમકક્ષ છે. ભારતમાં એચએસબીસી માટે પણ આ મહત્વપૂર્ણ સિદ્ધિ છે કે જે દેશમાં ૧૬૦ વર્ષથી વધુ સમયથી ઉપસ્થિત છે અને વૈશ્વિક સ્તરે તેની ચોથી બ્રાન્ચ ભારતમાં હતી.

ગિફ્ટ આઈએફએસસી ખાતે બેંકની પ્રસ્તાવિત કામગીરી અંગે પ્રતિક્રિયા આપતાં એચએસબીસી ઈન્ડિયાના ગ્રુપ જનરલ મેનેજર અને સીઈઓ સુરેન્દ્ર રોશાએ જણાવ્યું હતું કે, અમે ગિફ્ટ સિટીના વિકાસ સાથે ગાઢ ભાગીદારી કરી છે અને તેણે કરેલી ઝડપી પ્રગતિથી ઉત્સુક છીએ, જે વૈશ્વિક ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સને ઉત્તમ મૂલ્ય પ્રદાન કરે છે. ગિફ્ટ આઈએફએસસીમાં અમારું પ્રસ્તાવિત આઈબીયુ, જે નિયામકીય મંજૂરીઓને આધિન છે, તે ભારતમાં અમારા ઘરેલુ બિઝનેસને બળ આપશે અને અમારા વૈશ્વિક ફાઈનાન્સિયલ સેન્ટર્સ સાથે મળીને કામગીરી નિભાવશે. તેનાથી અમારા ગ્રાહકોને વિશેષ કરીને ફાઈનાન્સિંગ, ટ્રેડ અને વૈશ્વિક બજારોમાં બિઝનેસ ટ્રાન્ઝેક્શન્સ સરળતાથી કરવા માટે વિકલ્પ મળી રહેશે. ટોચના ૫ વૈશ્વિક યોગદાન આપનારાઓ તરીકે આ ભારત પ્રત્યે એચએસબીસીની કટીબદ્ધતા દર્શાવે છે તથા વિશ્વમાં બીજા ક્રમે સૌથી મોટો કર્મચારીઓનો આધાર ભારતમાં છે.

HSBC

GUJARAT INTERNATIONAL FINANCE TEC-CITY

## બ્રોડ માઈન્ડેડ એટલે શું વળી?




હમણાં હમણાંથી આ શબ્દ બહું સાંભળવા મળે છે, પણ એનો મતલબ શું થાય એ કોઈ કહેતું નથી. મેં એનો મતલબ પૂછ્યો છે, ગુજરાતી નહિ હોં...

બ્રોડ માઈન્ડેડ એટલે વ્યાપક મનનો, ખુલ્લા મનવાળો એવો મતલબ મને સમજાય છે, પણ પાછું થાય કે આવું શક્ય છે ખરું? કઈ પત્ની કે પતિ એના લાઈફ પાર્ટનરની વિજાતીય પાત્ર સાથેની મૈત્રી સ્વિકારી શકે છે. ચાલો કોઈ નિર્દોષ મૈત્રી સ્વિકારી લે પણ એમાંય બંધન, બાંધછોડ વગર ચાલે ખરું...

એક પત્નીને અચાનક એવું લાગ્યું કે એનો પતિ એના ફોન પર નજર રાખે છે. એના મેસેજ વાંચે છે.

પત્ની બિચારી બીજું શું કરે, ઝઘડો કરવા જેવી આ વાત ન હતી. એકબીજા પરનો વિશ્વાસ તૂટે ત્યારે સૌથી પહેલાં વાણી હણાઈ જતી હોય છે. પત્નીએ એનું ફેસબુક એકાઉન્ટ ડિલીટ કર્યુ અને મસેંજર પણ કાઢી નાખ્યું.

જે બે હળવી વાતચીત કરી પત્નીનો દિવસ આનંદમાં પસાર થતો એ બધું બંધ થઈ ગયું. સોશ્યલ મીડિયા એક એવી વસ્તુ છે જ્યાં થોડા દિવસ હાજરી ના પુરાવો તો લોકો તમને ભૂલી જાય છે, આ બેન સાથે પણ એવું થયું. પતિને નવાઈ લાગી અચાનક પત્ની ફેસબુક પરથી ગાયબ કેમ થઈ ગઈ? એણે સીધું તો નહીં પણ આડકતરી રીતે પૂછી લીધું. પત્નીએ જવાબ આપ્યો, કેટલાય દિવસથી જે મનમાં ભરી રાખેલું એ બહાર આવી ગયું,

"તમે મારા મેસેજ વાંચતા હોં એવું મને લાગ્યું અને મેં એ બધું બંધ કરી દીધું."

પતિ કહે, "તું ભોળી છે અને આ સોશ્યલ મીડિયા પર થયેલી દોસ્તી ભરોસો કરવા લાયક નથી



### લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

હોતી એટલે તારું ધ્યાન રાખવા હું નજર રાખતો હતો."

"આપણા લગ્નને કેટલા વરસ થયા? તમે જો મને સીધું જ પૂછ્યું હોત તે મેં બધું જ સાચેસાચ જણાવ્યું હોત, કંઈ છુપાવવા જેવું હતું જ નહીં. આટલી મોટી દુનિયામાં જો કોઈ એકાદ બે એવી વ્યક્તિ હોય જેની સાથે હું મારી વાતો શેર કરી શકું તો તમને તકલીફ શા માટે થવી જોઈએ?"

"મને તકલીફ ના થવી જોઈએ પણ થાય છે, એનું હું શું કરું? તું એ બધી વાતો મારી સાથે કેમ નથી કરતી?" પતિએ પણ આખરે કહી દીધું.

એ પત્નીએ શું જવાબ આપ્યો એની વાત જવા દો, તમે વિચારો, આવો જ સંવાદ તમારા જીવનમાં રચાય તો તમારો જવાબ શું હોય? આપણા સમાજમાં ખરેખર પતિ પત્ની એકબીજાને કેટલી છૂટ આપી શકે?

ક્યાંય કોઈ જોડું સંપૂર્ણ નથી હોતું. બે વ્યક્તિઓ એકબીજા સાથે જોડાય અને આખું જીવન સુખપૂર્વક પસાર કરે એ શક્ય છે પણ બંનેના રસ, રુચિ, વિચારો દરેક જગ્યાએ મળતા આવે એ શક્ય નથી. ક્યાંક તો બંને અલગ પડવાના અને આવા સમયે એમને કોઈ એવું મળી જાય જે તેમને સમજતું હોય એમ લાગે ત્યારે એક નવો સંબંધ અસ્તિત્વમાં આવે છે, દોસ્તીનો!

મોટે ભાગે આ દોસ્તી વિજાતીય પાત્ર સાથે હોય છે, બે સ્ત્રીઓ કે બે પુરુષો કરતાં એક સ્ત્રી અને એક પુરુષ વચ્ચેની દોસ્તી વધારે પુખ્ત હોય છે. બંનેને ખબર હોય છે એમની મર્યાદા અને લક્ષ્મણરેખાની, એક સીમામાં રહીને દોસ્તીનું ફૂલ ખીલવવાનું હોય છે. પણ, અફસોસ જ્યારે આવી દોસ્તી ખીલે છે ત્યારે એને બીજા લોકો પચાવી નથી શકતા અને શરૂ થઈ જાય છે એક રમત... આ મિત્રતા તોડી પાડવાની!

બહુ ઓછાં લોકો હોય છે જે આવી મિત્રતા કરી અને નિભાવી જાણે. તમારા જીવનસાથીનો આવો કોઈ મિત્ર કે સખી હોય તો એ સંબંધને માન આપજો, તમારું સ્થાન આપોઆપ તમારા પતિ/પત્નીની નજરમાં મુઠી ઉંચેરું થઈ જશે!

**અમસ્તું,**

**બ્રોડ માઇન્ડેડ પતિ/પત્ની આ એક ભ્રામક શબ્દ છે, હકીકતે આવું કંઈ નથી હોતું!**

@kapadianiyati

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૪૫૦થી વધારે રોપાનું વાવેતર



ગાંધીનગર, તા. ૧૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા માલપુર તાલુકાનાં જેસીંગપુર તથા રુઘનાથપુરની આરક્ષિત જગ્યામાં ૪૫૦ થી વધારે છોડ લગાવ્યા. તા.૧૦મી જુલાઈના દિવસે, વનવિભાગ માલપુરના આરએફઓ ધવલ પટેલની સાથે કરેલ આ શ્રમ યજ્ઞમાં વિવિધ પ્રકારના છોડ લગાવવામાં આવ્યા હતા.

ગાંધીનગરથી મિલિન્દભાઈ, દિનેશભાઈ, મહર્ષિ, ભરત, મગન વણઝારા, અરવિંદ, તથા ચેતન ઠાકોર કોદાળી, પાવડા સાથે ગયા હતા. ત્યાંના સ્ટાફ સાથે નક્કી કરેલ સ્થાન ઉપર ખાડા ખોદી રોપા લગાવ્યા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

માણસની માત્ર એક સફળતા તેની બધી જ જૂની નિષ્ફળતાઓની કિંમત ચૂકવી દે છે...

## જન્મદિને વધામણી



બિપીનચંદ્ર સોમેશ્વર ઠાકર
મો. ૯૯૭૯૭ ૨૬૩૧૧



જયેશભાઈ બ્રહ્મભટ્ટ



વિપુલકુમાર એચ સોની
મો. ૯૮૯૮૦ ૪૭૫૬૯



ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



દીપક એમ પરમાર
મો. ૯૯૨૪૪ ૮૯૬૯૫



જિજ્ઞાસા રાવલ
મો. ૯૮૨૫૫ ૯૯૭૦૯



સંસ્કૃતિ રાવલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**